# અજન્મી દીકરીનો કાગળ

વહાલી મમ્મી...



હવે હું સ્વર્ગમાં છું. જો કે હું તારી દીકરી સ્વરૂપે જન્મવા માંગતી હતી, પણ હજુય હું સમજી શકી ાતી કે શું બન્યું હતું. જ્યારે મારું અસ્તિત્વ પીછાણવા લાગી હતી ત્યારે  હું બહુ ખુશ હતી. હું અંધારામાં હોવા છતાં આરામદાયક જગ્યાએ હતી. મેં જોયું હતું કે મને નાની નાની આંગળીઓ અને પગનો પંજો પણ હતો. મારો પુર્ણ વિકાસ થવાને ઘણીવાર હોવા છતાં હું મારા આસપાસને ત્યજવા માંગતી નહતિ. હું મારો મોટા ભાગનો સમય સૂવામાં કે વિચારવામાં વિતાવતી હતી. જો કે મારા આરંભના દિવસો હોવા છતાં હું આપણી વચ્ચે એક વિશેષ બંધન અનુભવતી હતી.

કયારેક તારુ રૂદન સાંભળતી અને હું પણ રડી પડતી. કયારેક તુ રડવાને બદલે બૂમાબૂમ કરતી. મેં પપ્પાને પ્રત્યુત્તરમાં ઘાંટાઘાંટ કરતાં સાંભળ્યા ત્યારે હું દુ:ખી થતી અને આશા રાખતી કે ટૂંક સમયમાં બધું સારુ થઈ જશે. હું આશ્ચર્ય પામતી કે તું આટલું કેમ રડે છે. તે આખો દિવી તુ રડતી રહી હતી, પણ હું તારું રડવાનું કારણ સમજી ન શકી. તે દિવસે અત્યંત ભયજનક બનાવ બન્યો. જે હુંયાળી અને આરામદાયક જગ્યાએ હું હતી ત્યારે બદઈરાદા સાથે એક રાક્ષસ આવ્યો. હું ગભરાઈને ચીસાચીસ કરવા માંડી તે કયારેય મને મદદ કરવાની કોશિશ કરી નહિ. કદાચ તે મારી ચીસો નહિ સાંભળી હોય. એ મારી નજીકને નજીક આવતો ગયો અને હું મમ્મી...મમ્મી... મને બચાવો..બચાવો...બૂમો પાડતી રહી. હું ભયથી ફફડી રહી હતી. હું ત્યાં સુધી ચીસો પાડતી રહી જયાં સુધી હું પાડી શકી. દૈત્યે મારા અંગોને મારા શરીરથી છુટા પાડવા માંડયો. મને બહુ માઠું લાગ્યું અને અનહદ પીડા પણ અનુભવી. પણ હું એને રોકી ન શકી. ઓહ..! હું તને આમ કરવા કેવી રીતે યાચના કરું..! એણે મારો પગ છુટો પાડયો ત્યારે હું ભયાવહ રીતે ચીસ પાડી ઉઠી.

હું ભાયાવહ પીડા ભોગવતી મરી ગઈ. હું જાણતી હતી કે હવે તારો ચેહરો કયારે પણ જોઈ નહિ શકું કે તુ મને કેટલો પ્રેમ કરે છે તે સાંભળી પણ નહિ શકું. હું તારા આંસુઓને  વિદાય આપી તને સુખી કરવા કરવાના મનસુબા સેવી રહી હતી. પણ હવે હું કંઈ નહિ કરી શકું. મારા સ્વપ્નાઓ ભાંગીને ભુક્કો થઈ ગયા. હવે હું ઊંડા દુ:ખ અને શોકની લાગણી અનુભવી રહી છું કારણ મારું દિલ ભાંગી ગયું છે. હું તારી દીકરી તરીકે જન્મવાથી વિશેષ કંઈ જ ચાહતી નહતિ. પણ હવે એનો કોઈ અર્થ નથી, કારણ હું પીડાદાયક મોતને પામી ચુકી છું. હું માત્ર કલ્પના જ કરી શકું છું કે એમણે તારી સાથે શું કર્યુ હશે. મૃત્યુ પામતા પહેલા તને કહેવા માંગતી હતી કે, હું તને ચાહું છું પણ હું એ શબ્દો જાણતી નહતિ જે શબ્દો તુ સમજતી હતી. અને હવે મારી પાસે એ કહેવા માટે શ્વાસ જ નથી. હું મરી ચુકી છું. હું ઉપર ઉઠી રહી છું. દેવદૂત મને ઉચકીને વિશાળ અને સુંદર જગ્યાએ લઈ જઈ રહયો છે. હું હજુય રડી રહી છું પણ હવે શારીરિક પીડા થતી નથી. દેવદૂત મને અદભૂત જગ્યાએ લઈ આવ્યા છે. હવે હું ખુશ છું. મેં તમને પુછયું એ શું હતું જેણે મને મારી નાંખી. તેમણે જવાબ આપ્યો ભૃણહત્યા.

હું જાણતી નથી કે ભૃણહત્યા એટલે શું.? પણ અનુમાન લગાવી શકું કે કોઈ દૈત્યનું નામ હશે. હું કાગળ એટલે લખી રહી છું કે તને જણાવવા માંગતી હતી કે તારી દીકરી તરીકે જન્મવા મારી કેટલી ઈચ્છા હતી. મેં જીવવા ઘણો પ્રયત્ન કર્યો કારણ હું જીવવા માંગતી હતી પણ હું તેમ ન કરી શકી.  તેણે મારી હાથ અને પગ ખેંચી કાઢયા અને અંતે મને આખેઆખી... જેથી જીવવું અશકય બન્યું. હું માત્ર એ જ જણાવવા માંગું છું કે હું મેં તારી સાથે રેહવાના બધા જ પ્રયત્ન કર્યા પણ હું તેમ ન કરી શકી. હું મરવા નહતિ માંગતી. મમ્મી...હવે તું ભૃણહત્યા નામના દૈત્યથી સાવધાન રહેજે. મમ્મી હું તને ચાહું છું અને એ પીડાને તારા વતિ ધીક્કારીશ પણ જે પીડા મેં ભોગવી છે. તુ સાવધાન રહેજે.

તારી વહાલી દીકરી.